# ગુરુ ગૌતમના કોચિંગ સામે 'ગંભીર' સવાલ

## ભારતીય ટીમ ટેસ્ટ ક્રિકેટ કેવી રીતે રમાય તે ભુલી ગઇ

કોલકાતામાં રમાયેલી પહેલી ટેસ્ટ દક્ષિણ આફ્રિકાએ જીત્યા પછી હવે ગુવાહાટીમાં રમાઇ રહેલી બીજી ટેસ્ટમાં પણ ભારત હારની અણી પર છે. દક્ષિણ આફ્રિકા જો આ ટેસ્ટ જીતશે તો ભારતની ધરતી પર તે પહેલી વાર ભારતીય ટીમને 2-0 થી ક્લીન સ્વીપ કરશે. જો આવું થાય તો 2024માં, ન્યુઝીલેન્ડે તેમને 3-0થી હરાવ્યા પછી ગૌતમ ગંભીરના કોચિંગ હેઠળ 13 મહિનામાં ભારત



બીજી વખત ઘરેલુ મેદાન પર ક્લીન સ્વીપ થશે અને તેના કારણે ગૌતમ ગંભીરની કોચિંગ પદ્ધતિ પર સવાલ ઊભા થવા સ્વાભાવિક છે. આમ પણ હાલમાં ટીમના ખરાબ ટેસ્ટ પ્રદર્શન બાદ કોચ ગંભીરની આકરી ટીકા થઈ રહી છે. ઘણા માજી ભારતીય ક્રિકેટર ગંભીરની કોચિંગ પદ્ધતિ સામે સવાલ કરી રહ્યા છે અને તેમાંથી કેટલાકે તો તેને ભારતીય ટીમના મુખ્ય કોચ પદેથી હટાવી દેવાની માગ કરી છે. કેટલાકે તો એવું પણ કહ્યું હતું કે ગંભીરના કોચિંગ હેઠળ ટીમ ઈન્ડિયા ટેસ્ટ ક્રિકેટ કેવી રીતે રમવું તે ભૂલી ગઈ છે.

ગંભીરના કોચિંગ હેઠળ ટીમની વ્યુહરચના કે ટીમ પસંદગી સામે ઘણાં લોકો સવાલ કરી રહ્યા છે. એક સમયે ભારતીય ટીમના કોચ પદે રવિ શાસ્ત્રી હતો ત્યારે તેને કોમેન્ટેટર તરીકે ગૌતમ ગંભીર ઘણી સલાહ આપતો જોવા મળ્યો હતો. જો કે શાસ્ત્રીનો રેકોર્ડ કોચ તરીકે ઘણો સારો રહ્યો છે અને હવે રવિ શાસ્ત્રીએ પોતાની કોમેન્ટરી દરમિયાન દક્ષિણ આફ્રિકા સામેની બે ટેસ્ટમાં ભારતીય ટીમ મેનેજમેન્ટે કરેલી ભુલ સામે શબ્દો ચોર્યા વગર અંગુલી નિર્દેશ કર્યો હતો કે કોલકાતા ટેસ્ટમાં તમે ચાર સ્પિનરને રમાડ્યા પણ તેમાંથી એક સ્પિનર પાસે માત્ર એક ઓવર જ બોલિંગ કરાવી હતી. જો એવું જ કરવાનું હતું તો એક સ્પેશિયાલિસ્ટ બેટ્સમેનને રમાડવાનો નિર્ણય વધુ યોગ્ય સાબિત થયો હોત. એ જ રીતે ગુવાહાટીમાં રમાયેલી ટેસ્ટ દરમિયાન આગલી ટેસ્ટમાં ત્રીજા ક્રમે બેટિંગ કરનારા વોશિંગ્ટન સુંદરને તમે આઠમાં ક્રમે બેટિંગમાં કઇ રીતે ઉતારી શકો. તેને સ્થાને તમે તેને ચોથા ક્રમે બેટિંગમાં ઉતારી શકતા હતા. શાસ્ત્રીની વાતમાં તથ્ય છે પણ તે ગંભીરને નહીં સમજાય.

ગૌતમ ગંભીરે જ્યારથી ભારતીય ટીમના મુખ્ય કોચ તરીકે ધુરા સંભાળી છે ત્યારથી ભારતીય ક્રિકેટ ટીમ એક પ્રયોગશાળા હોય તેવું લાગી રહ્યું છે. ટીમ પસંદગીમાં સતત પ્રયોગ થઇ રહ્યા છે તો ખેલાડીઓના બેટિંગ ક્રમમાં પણ સતત પ્રયોગ થતાં રહ્યા છે. માત્ર ઓપનર અને જસપ્રીત બુમરાહ તેમજ મહંમદ સિરાજ જેવા બોલરો સિવાયના એકાદ બેને છોડીને બાકીના કોઇને એ ખબર નથી કે તેણે કયા ક્રમે બેટિંગ કરવા જવાનું છે અને તેના કારણે ભારતીય ટેસ્ટ ક્રિકેટની માઠી દશા બેસી ગઇ હોવાનું લાગી રહ્યું છે. ગૌતમ ગંભીરના કોચિંગ હેઠળ, ટીમ ઈન્ડિયાએ સફેદ બોલ અને લાલ બોલ બંને ક્રિકેટમાં ઓલરાઉન્ડરો પર વધુ ભાર મૂક્યો છે. આના પરિણામે ફક્ત ત્રણ કે ચાર નિષ્ણાત બેટ્સમેનોની પસંદગી કરવામાં આવી છે. દક્ષિણ આફ્રિકા સામેની સીરિઝમાં, ભારતે દરેક ટેસ્ટમાં ત્રણ નિષ્ણાત બેટ્સમેનોને મેદાનમાં ઉતાર્યા હતા. યશસ્વી જયસ્વાલ અને કેએલ રાહુલ બંને ટેસ્ટમાં રમ્યા હતા, જ્યારે શુભમન ગિલ પ્રથમ ટેસ્ટમાં અને સાઈ સુદર્શન બીજી ટેસ્ટમાં રમ્યો હતો. પહેલી મેચમાં, ભારતના ત્રણ બેટ્સમેન સ્પિન પિચ પર કંઈ ખાસ કરી શક્યા ન હતા, પરંતુ બીજી મેચમાં, ત્રણેય બેટ્સમેનોએ પહેલી ઈનિંગમાં 95 રન બનાવ્યા. પણ તે પછી ચોથાથી સાતમા ક્રમના બેટ્સમેનોએ મળીને ફક્ત 23 રન બનાવ્યા. ઋષભ પંત અને ધ્રુવ જુરેલ જેવા ખેલાડીઓએ જોખમી શોટ રમીને પોતાની વિકેટ તાસકમાં ધરીને હરીફ ટીમને આપી દીધી.

**ટુ ધ પોઈન્ટ**

ગંભીરના કોચિંગ હેઠળ, ટીમ ઈન્ડિયાની ત્રીજા ક્રમની બેટિંગ પોઝિશન હજુ સુધી સ્થિર થઈ નથી. દક્ષિણ આફ્રિકા ટેસ્ટ સીરિઝમાં, વોશિંગ્ટન સુંદરે પહેલી મેચમાં અને સાઈ સુદર્શને બીજી મેચમાં ત્રીજા ક્રમે બેટિંગ કરી. કરુણ નાયરને પણ આ પોઝિશન પર તક આપવામાં આવી હતી, પરંતુ કોઈ પણ ખેલાડી લાંબા સમય સુધી તેને જાળવી શક્યો નહીં. ગંભીર કોચ બન્યા તે પહેલાં, ભારતને 25 વર્ષ સુધી આ બેટિંગ ક્રમ માટે ચિંતા કરવાની જરૂર નહોતી. પહેલા રાહુલ દ્રવિડ અને પછી ચેતેશ્વર પૂજારાએ આ ક્રમે બેટિંગની ધુરા સારી રીતે સંભાળી. આ સાથે જ પાંચમા ક્રમનું સ્થાન પણ ગંભીરના સમયમાં એક સમસ્યા જ રહ્યું છે, જેમાં ઋષભ પંત, ધ્રુવ જુરેલ અને રવિન્દ્ર જાડેજાની અજમાયશ કરવામાં આવી રહી છે. અગાઉ વીવીએસ લક્ષ્મણ અને અજિંક્ય રહાણે આ ક્રમે બેટિંગ કરતાં હતા. પરંતુ હવે અહીં ખૂબ જ પ્રયોગો થઈ રહ્યા છે, જેના કારણે ટીમમાં સ્થિરતાનો અભાવ જોવા મળી રહ્યો છે.

વોશિંગ્ટન સુંદર, અક્ષર પટેલ, રવિન્દ્ર જાડેજા અને નીતિશ રેડ્ડી પર તેમની ઓલરાઉન્ડ કુશળતા માટે ખૂબ આધાર રાખવામાં આવી રહ્યો છે. મોટાભાગની મેચોમાં ચારમાંથી ત્રણ ખેલાડીઓ હંમેશા પ્લેઈંગ ઈલેવનનો ભાગ હોય છે. તેમની ક્ષમતાઓ સારી છે, પરંતુ તેઓ ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાને મદદ કરી રહ્યા નથી. સુંદર અને અક્ષર બેટથી પ્રભાવ પાડી રહ્યા છે, પરંતુ તેઓ ટેસ્ટ ટીમમાં ઓફ-સ્પિનર તરીકે યોગ્ય પ્રદર્શન કરી શકતા નથી. ભારતીય પરિસ્થિતિઓમાં પ્લેઈંગ ઈલેવનમાં નીતિશ રેડ્ડીનો સમાવેશ અર્થહીન લાગે છે. તે ન તો બેટથી રન બનાવી રહ્યો છે અને ન તો તે પોતાની બોલિંગમાં સારું પ્રદર્શન કરી રહ્યો છે. તેને બોલિંગની ઘણી તકો પણ આપવામાં આવી રહી નથી. તેની જગ્યાએ નિષ્ણાત બેટ્સમેનને લઈને ટીમને વધુ ફાયદો કરાવી શકે તેમ છે.



**ગૌતમ ગંભીરે જ્યારથી ભારતીય ટીમના મુખ્ય કોચ તરીકે ધુરા સંભાળી છે ત્યારથી ભારતીય ક્રિકેટ ટીમ એક પ્રયોગશાળા હોય તેવું લાગી રહ્યું છે. ટીમ પસંદગીમાં સતત પ્રયોગ થઇ રહ્યા છે તો ખેલાડીઓના બેટિંગ ક્રમમાં પણ સતત પ્રયોગ થતાં રહ્યા છે. માત્ર ઓપનર અને જસપ્રીત બુમરાહ તેમજ મહંમદ સિરાજ જેવા બોલરો સિવાયના એકાદ બેને છોડીને બાકીના કોઇને એ ખબર નથી કે તેણે કયા ક્રમે બેટિંગ કરવા જવાનું છે અને તેના કારણે ભારતીય ટેસ્ટ ક્રિકેટની માઠી દશા બેસી ગઇ હોવાનું લાગી રહ્યું છે**



# ભારતીય મૂળના સેનુરન મુથુસામીને ક્રિકેટર બનાવવામાં પિતા ઉપરાંત માતાનો મોટો ફાળો

ભારત સામેની બીજી ટેસ્ટમાં પોતાની કેરિયરની પહેલી સદી ફટકાર્યા બાદ સેનુરન મુથુસામી હેડલાઈન્સમાં આવ્યો છે, જો કે આ પહેલા 2019ના ભારત પ્રવાસ દરમિયાન વિશાખાપટ્ટનમ ટેસ્ટમાં વિરાટ કોહલીની વિકેટ લઇને તે ચર્ચામાં આવ્યો હતો. તેનો જન્મ ભલે 22 ફેબ્રુઆરી, 1994ના રોજ દક્ષિણ આફ્રિકાના ડરબનમાં થયો હોય, પરંતુ તેના પૂર્વજો ભારતના તમિલનાડુના નાગપટ્ટિનમથી આવ્યા હતા. સેનુરન એક તમિલ હિન્દુ પરિવારમાંથી આવે છે. દક્ષિણ આફ્રિકામાં રહેતો હોવા છતાો, તે ભારતીય પરંપરાઓ, મંદિરની મુલાકાતો અને યોગ સાથે જોડાયેલો રહે છે. 6 ફૂટ 3 ઇંચ ઊંચા આ ખેલાડીએ બાળપણથી જ ક્રિકેટમાં રસ દાખવ્યો હતો. તેણે ડર્બનની ક્લિફ્ટન સ્કૂલમાં અભ્યાસ કર્યો હતો, જ્યાં તેની ક્રિકેટ તાલીમ શરૂ થઈ હતી.

તેના પિતાએ તેમને ક્રિકેટ સાથે પરિચય કરાવ્યો, પરંતુ જ્યારે તે 11 વર્ષનો હતો ત્યારે તેના પિતાનું અવસાન થયું. આ તેના જીવનનો સૌથી મુશ્કેલ સમય હતો. તે પછી, તેની માતાએ તેની સંભાળ રાખીને, તેને કોચિંગ અપાવ્યું અને તેની ક્રિકેટ કેરિયરના દરેક પગલા પર તેને ટેકો આપ્યો. તેઓ તેની દાદીની પણ ખૂબ નજીક હતા, જેમણે તેને બાળપણમાં પ્રેક્ટિસ કરવામાં મદદ કરી હતી. તેની માતા વાણી તેને 'ફ્રીડમ બેબી' કહે છે કારણ કે તેનો જન્મ 1994 માં થયો હતો, તે જ વર્ષે દક્ષિણ આફ્રિકામાં રંગભેદનો અંત આવ્યો હતો, અને જ્યારે તે રવિવાર, 23 નવેમ્બર, 2025 ના રોજ માતૃભૂમિમાં એક ઐતિહાસિક સીમાચિહ્ન નજીક પહોંચ્યો, ત્યારે વાણી મૂડલીએ તરત જ પોતાના વોટ્સએપ પ્રોફાઈલ પર તેના પુત્રનો દક્ષિણ આફ્રિકાની સફેદ જર્સીમાં સદીની ઉજવણી કરતો ફોટો મૂકી દીધો હતો. તેની સાથે એક નાની નોટ હતી જેમાં લખ્યું હતું, 'ગુવાહાટી સ્ટેડિયમનો પ્રથમ શતકવીર'. આ ક્ષણ વાણી માટે ખાસ હતી. "આખા ગામ"નું લગભગ બે દાયકા જૂનું સ્વપ્ન સાકાર થયું હતું. સેનુરન ત્યારે ૧૧ વર્ષનો હતો. ડરબનના પૂર્વ કિનારા પર ભેદભાવનો સામનો કરતા પરિવારમાં જન્મેલા સેનુરનની આ સદી એટલા માટે મહત્વની છે કે ભારત વિરુદ્ધ દક્ષિણ આફ્રિકાની બીજી મેચ ગુવાહાટીના બારસાપારા સ્ટેડિયમમાં રમાયેલી પ્રથમ ઈન્ટરનેશનલ ટેસ્ટ છે. 31 વર્ષીય મુથુસામીએ ૨૦૧૯ માં વિશાખાપટ્ટનમમાં ભારત સામે ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. વિરાટ કોહલીની વિકેટ લઈને તે અચાનક ચર્ચામાં આવી ગયો, જે તેની કારકિર્દીની પહેલી આંતરરાષ્ટ્રીય વિકેટ હતી.

મુથુસામીએ 2013માં ક્વાઝુલુ-નાતાલ માટે ફર્સ્ટ-ક્લાસ ડેબ્યૂ કર્યું. તેમના પ્રદર્શનમાં ધીમે ધીમે સુધારો થયો, અને તે ડોલ્ફિન્સ ટીમમાં મુખ્ય ખેલાડી બન્યો. તેના પ્રભાવશાળી પ્રદર્શનને કારણે તેમને ડોલ્ફિન્સ પ્લેયર ઓફ ધ યરનો એવોર્ડ મળ્યો. તે સ્થાનિક SA20 લીગમાં પ્રિટોરિયા કેપિટલ્સ માટે રમે છે, જ્યાં તે એક વિશ્વસનીય ઓલરાઉન્ડર રહ્યો છે, તેણે 14 ઈનિંગ્સમાં 141 રન બનાવ્યા છે અને 15 વિકેટ લીધી છે. રાવલપિંડી ટેસ્ટમાં તેણે પાકિસ્તાન સામે પોતાની કેરિયરની સૌથી મહત્વપૂર્ણ ઈનિંગ્સમાંની એક રમી હતી. દક્ષિણ આફ્રિકા 185/5ના સ્કોર પર સંઘર્ષ કરી રહ્યું હતું ત્યારે, મુથુસામીએ નોટઆઉટ 89 રન બનાવીને પોતાની ટીમને સરસાઇ અપાવી હતી. આ પ્રદર્શનથી તે બે મેચની સીરિઝમાં ટોચના પ્રદર્શન કરનારા ખેલાડીઓમાંનો એક બન્યો. ભારતમાં ચાલી રહેલી ટેસ્ટ મેચમાં સદી ફટકારીને મુથુસામીએ એક અનોખો રેકોર્ડ બનાવ્યો. તે ભારતીય ભૂમિ પર નંબર 7 પર બેટિંગ કરતી વખતે સદી ફટકારનાર દક્ષિણ આફ્રિકાનો માત્ર બીજો ખેલાડી બન્યો હતો. અત્યાર સુધી, તેણે દક્ષિણ આફ્રિકા માટે 8 ટેસ્ટ રમીને 55.43 ની સરેરાશથી 388 રન બનાવ્યા છે. ભલે તે બોલનો મોટો ટર્નર ન હોય, તેના ડાબા હાથના સ્પિન બોલિંગે તેને ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં 277 વિકેટ ઝડપી છે.



**2019માં વિશાખાપટ્ટનમ ટેસ્ટમાં વિરાટ કોહલીની વિકેટ લઇને ચર્ચામાં આવેલો સેનુરન મુથુસામી હવે ગુવાહાટી ટેસ્ટમાં સદી સાથે ફરી ચર્ચામાં છે, તેના પૂર્વજ તમિલનાડુના નાગપટ્ટિનમના રહીશ હતા, સેનુરનની ક્રિકેટ સાથે ઓળખ તેના પિતાએ કરાવી હતી પણ તે માત્ર 11 વર્ષનો હતો ત્યારે પિતાનું નિધન થયું તે પછી તેને ક્રિકેટર બનાવવામાં તેની માતા વાણી મુડલીનો મોટો ફાળો રહ્યો છે**

**સ્પેશિયલ રિપોર્ટ**

# મિલોના બેટથી BCCI લેવલ-2 કોચ સુધી : શાયલા આલમની અનોખી ક્રિકેટ સફર



છત્તીસગઢના દુર્ગની રહેવાસી અને ક્રિકેટ પીચ પર પોતાની છાપ છોડનારી શાયલા આલમ માત્ર તેની સિદ્ધિઓ માટે જ નહીં પરંતુ તેની માનસિકતા માટે પણ પ્રેરણારૂપ છે. તેણે મેદાન પર એક ખેલાડી તરીકે શરૂઆત કરી હતી અને હવે તે નાગાલેન્ડની પુરુષ ટીમના સ્ટ્રેન્થ અને કન્ડીશનીંગ કોચ તરીકે એક નવો અધ્યાય લખી રહી છે. તે દેશની પ્રથમ મહિલા સ્ટ્રેન્થ અને કન્ડીશનીંગ કોચ છે જે પુરુષ ટીમ સાથે કામ કરે છે. લગભગ 15 વર્ષ સુધી ક્રિકેટ રમ્યા પછી, શાયલાએ 31 વર્ષની ઉંમરે એક નવી સફર શરૂ કરવાનું નક્કી કર્યું.

શાયલાએ કહ્યું કે હું હંમેશા ક્રિકેટમાં સામેલ થવા માંગતી હતી. મને ક્યારેય મેદાનથી દૂર રહેવાનું ગમ્યું નહીં. તેથી, જ્યારે હું રમવાથી આગળ વધવાનો માર્ગ શોધી રહી હતી, ત્યારે મને લાગ્યું કે સ્ટ્રેન્થ અને કન્ડીશનીંગ કોચિંગ એ મને ક્રિકેટ સાથે જોડાયેલ રાખવાનો માર્ગ છે. શાયલા ની વાર્તા કોઈ ફિલ્મ ની પટકથા જેવી લાગે છે. બાળપણ માં તે મિલો પીતી હતી. તે સમયે, મિલો મફત માં બેટ લઈને આવતી હતી. કદાચ તે બેટે તેના જીવન ની દિશા નક્કી કરી હતી. શેરી ક્રિકેટ થી શરૂ થયેલી સફર પછી, તેની માતા અને બહેન ને ખાતરી થઈ ગઈ કે તેમને તેને આગળ લઈ જવાની જરૂર છે, તેથી તેઓએ એક એકેડેમી શોધવાનું શરૂ કર્યું. જોકે તે સમયે છોકરીઓ માટે કોઈ એકેડેમી નહોતી, પરંતુ કોઈક રીતે તેમને એક મળી ગઈ. મધ્યપ્રદેશ માં વાસ્તવિક ક્રિકેટ રમાય છે તે જાણ્યા પછી, તે તેના સપનાઓ સાથે ત્યાં રહેવા ગઈ. શાયલાએ કહે છે કે હું શેરીમાં છોકરાઓ સાથે રમતી હતી. મેં પહેલાથી જ બેટનો સારો સંગ્રહ બનાવી લીધો હતો. ધીમે ધીમે, મારી રમતમાં સુધારો થયો, અને મારી માતા અને મોટી બહેને મને એકેડેમીમાં મોકલી. ત્યાંથી મને સમજાયું કે વાસ્તવિક ક્રિકેટ શું છે.

પોતાના વય જૂથમાં સારું પ્રદર્શન કરીને, શાયલાએ મધ્યપ્રદેશ ટીમમાં સ્થાન મેળવ્યું. જ્યારે 2018 માં BCCI એ છત્તીસગઢ એસોસિએશનનો દરજ્જો આપ્યો, ત્યારે શાયલા તેના રાજ્ય માટે રમવા લાગી. તેના સતત પ્રદર્શનના આધારે, તેને રેલવે માટે પસંદગી કરવામાં આવી. રેલવેમાં જોડાયા પછી, શાયલાને પહેલી વાર સમજાયું કે ક્રિકેટરો માટે ફિટનેસ તાલીમ કેટલી મહત્વપૂર્ણ છે. તેની ફિટનેસ પર સખત મહેનત કર્યા પછી, તેણે તેના ફિલ્ડિંગ અને સ્ટ્રોક પ્લેમાં નોંધપાત્ર સુધારો જોયો. તે પછી જ તેણે તેના આગામી પગલા તરીકે ફિટનેસની દુનિયાને આગળ વધારવાનું નક્કી કર્યું.

**ક્રિક ટોક**

2019થી 2025ની વચ્ચે, શાયલાએ ફિટનેસ તાલીમમાં શિક્ષણ અને તાલીમ ચાલુ રાખી. તેણે ACL લેવલ ૧, ACSL લેવલ ૨ અને તાજેતરમાં BCCI લેવલ ૨ કોચિંગ સર્ટિફિકેશન પૂર્ણ કર્યા. લોકડાઉન દરમિયાન, જ્યારે ક્રિકેટ બંધ થઈ ગયું, ત્યારે તેણે તેને "અપગ્રેડ ફેઝ" તરીકે લીધું. 2021 માં, શાયલાએ ક્રિકેટર તરીકે તેની છેલ્લી વ્યાવસાયિક મેચ રમી. ત્યારથી, તેણે ફક્ત ફિટનેસ કોચ બનવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

તેણે કહ્યું કે તે સમયે, હું મારા માર્ગદર્શક યુવરાજ સાલ્વી સાથે બેઠો હતો અને આયોજન કર્યું હતું કે વિવિધ ફોર્મેટ અનુસાર તાલીમ કેવી રીતે બદલાય છે. તે ક્ષણ મારી કારકિર્દી માટે નિર્ણાયક સાબિત થઈ. મેં ખેલાડીઓને વિવિધ ફોર્મેટમાં કેવી રીતે તાલીમ આપવી અને કેટલી ઊર્જા આપવી તે વિશે ઘણો અભ્યાસ કર્યો. 2021માં, શાયલાએ નોકરી મેળવવા માટે અનેક ભારતીય ક્રિકેટ સંગઠનોને ઈમેલ કર્યા. તેને નાગાલેન્ડ ક્રિકેટ એસોસિએશન તરફથી ફક્ત એક જ જવાબ મળ્યો, અને ત્યાંથી તેની કોચિંગ કારકિર્દીની શરૂઆત થઈ. તેણે અંડર-19 મહિલા ટીમ સાથે શરૂઆત કરી, પછી સિનિયર મહિલા ટીમમાં, અને 2023માં, તેને ભારતમાં મહિલાઓ માટે ભાગ્યે જ જોવા મળતી તક મળીઃ સિનિયર પુરુષોની ટીમના સ્ટ્રેન્થ અને કન્ડીશનીંગ કોચ તરીકેની.

તેણે ગર્વથી કહ્યું, એસોસિએશને મારા પર વિશ્વાસ કર્યો. અંડર-૧૯ ટીમ સાથે સારું પ્રદર્શન કર્યા પછી, મને સિનિયર ટીમમાં બઢતી આપવામાં આવી. ત્યારબાદ, પુરુષોની ટીમ સાથે ૧૫ દિવસનો પ્રી-સીઝન કેમ્પ યોજાયો અને મને તેમાં સામેલ કરવામાં આવ્યો. મારા પરિવાર સાથે વાત કર્યા પછી, મેં ૨૦૨૩ માં આ તક માટે સંમતિ આપી અને ત્યારથી હું ટીમ સાથે કામ કરી રહી છું. શરૂઆતમાં તે થોડું પડકારજનક હતું કારણ કે ખેલાડીઓએ પહેલાં ક્યારેય મહિલા કોચ સાથે કામ કર્યું ન હતું. પરંતુ હું તેમનો વિશ્વાસ મેળવવા માટે કટિબદ્ધ હતી. એક અઠવાડિયામાં વાતાવરણ બદલાઈ ગયું, અને જ્યારે પરિણામો દેખાવા લાગ્યા, ત્યારે બધાએ મને ટેકો આપ્યો."

શાયલા ભારતીય ક્રિકેટ ટીમના વર્તમાન બેચના લગભગ દરેક ખેલાડી સાથે અથવા તેની વિરુદ્ધ ક્રિકેટ રમી છે. તેણે વર્તમાન કેપ્ટન હરમનપ્રીત કૌરથી લઈને હરલીન દેઓલ સુધી ઘણા ખેલાડીઓ સાથે મેદાન શેર કર્યું છે. જોકે, તેણે ક્રિકેટ રમવા કરતાં સ્ટ્રેન્થ અને કન્ડીશનીંગ કોચ તરીકે વધુ સિદ્ધિઓ મેળવી છે, અને તેને તેના પર ખૂબ ગર્વ છે. તે કહે છે, છેલ્લા ત્રણ વર્ષથી, હું BCCI ના COE (સેન્ટર ઓફ એક્સેલન્સ) માટે કામ કરી રહી છું. આમાં, મેં ટાર્ગેટેડ વિમેન્સ સિનિયર ટીમ માટે કામ કર્યું છે, જે 2024 T20 વર્લ્ડ કપની તૈયારી માટેનો કેમ્પ હતો. તે પછી, મેં અંડર-16 મહિલા ક્રિકેટ ટીમ માટે હાઈ પર્ફોર્મન્સ કેમ્પ કર્યો છે. તાજેતરમાં, ઈમર્જિંગ એશિયા કપ માટે તૈયારી કેમ્પ અને હાઈ પર્ફોર્મન્સ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, મેં COE માં પણ તે કર્યું હતું. તાજેતરમાં યોજાયેલા મહિલા ODI વર્લ્ડ કપ પહેલા, BCCI એ અફઘાનિસ્તાન મહિલા ક્રિકેટ ટીમ માટે એક કેમ્પનું આયોજન કર્યું હતું, જેમાં મને હેડ સ્ટ્રેન્થ અને કન્ડીશનીંગ કોચ તરીકે પસંદ કરવામાં આવી હતી.



**મેદાન પર એક ખેલાડી તરીકે શરૂઆત કરનારી શાયલાએ ભલે ક્રિકેટ રમવાનું બંધ કરી દીધું હોય, પરંતુ તેણે આ રમતમાં પોતાના માટે નવી શક્યતાઓ પણ શોધી કાઢી છે અને તે હવે દેશની પહેલી મહિલા સ્ટ્રેન્થ અને કન્ડીશનીંગ કોચ છે અને પુરુષ ટીમ સાથે કામ કરે છે**